

# આપણી વાત

સંકલન : પ્રફુલ્લ રાવલ

### પરિષદના આગામી કાર્યક્રમો

તા. ૩-૯-૨૦૧૫ અને તા. ૧૭-૯-૨૦૧૫ને ગુરુવારના રોજ પાક્ષિકીમાં વાર્તાનું પઠન થશે સાંજે ૬.૧૫ કલાકે.

### વિશ્વકવિતા કેન્દ્ર અંતર્ગત

તા. ૨, ૯, ૧૬, ૨૩-૯-૨૦૧૫ના રોજ બુધસભા અને ૩૦-૯-૨૦૧૫ના રોજ વ્યાખ્યાન સાંજે ૭.૦૦ કલાકે.

### ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી ૪૮મું અધિવેશન ઇન્સ્ટિટ્યૂટ ઑફ યુથ ડેવલપમેન્ટ તેમજ શ્રી મુક્તજીવન સ્વામિબાપા આર્ટ્સ-કૉમર્સ અને બી.સી.એ. મહિલા કૉલેજના યજમાનપદે ભુજ મુકામે તારીખ ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બર-૨૦૧૫ના રોજ યોજાશે. આ અધિવેશનમાં નીચે મુજબની બેઠકો રહેશે.

**ઉદ્‌ઘાટન બેઠક**

૨૫-૧૨-૨૦૧૫ને શુક્રવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦

**પ્રથમ બેઠક**

૨૫-૧૨-૨૦૧૫ને શુક્રવારે સાંજે ૮.૦૦

**આસ્વાદ બેઠક – કચ્છના પરિવેશની કૃતિઓનું વાચિકમ્**

૨૬-૧૨-૨૦૧૫ને શનિવારે સવારે ૮.૦૦થી

મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક

**બીજી બેઠક**

૨૬-૧૨-૨૦૧૫ને શનિવારે સવારે ૯.૩૦થી ૧૨.૩૦

**ચરિત્રાત્મક સાહિત્ય**

**ત્રીજી બેઠક**

૨૬-૧૨-૨૦૧૫ને શનિવારે ૩.૦૦થી ૬.૦૦

**વિવેચન-સંશોધન**

**ચોથી બેઠક**

૨૬-૧૨-૨૦૧૫ને શનિવારે રાતે ૮.૩૦થી ૧૦.૩૦

યજમાન સંસ્થા આયોજિત **સાંસ્કૃતિક કાર્યક્રમ**

**પાંચમી બેઠક**

૨૭-૧૨-૨૦૧૫ને રવિવારે ૮.૩૦થી ૧૧.૦૦

**ગુજરાતી ભાષાનું શિક્ષણ**

□

## ગુજરાતી સાહિત્ય પરિષદ અધિવેશન બાબત

આદરણીયશ્રી,

વંદન.

ગુજરાતી સાહિત્ય પરિષદ દર બે વર્ષે ગુજરાતમાં વિવિધ સ્થળે અધિવેશન યોજે છે. આ અધિવેશન ખૂબ જ સાહિત્યિક અને સાંસ્કૃતિક વાતાવરણ સર્જે છે અને જે તે વિસ્તારના સાહિત્યપ્રેમીઓ તથા સર્જકોને પ્રેરણા આપે છે.

૨૦૧૫ના ડિસેમ્બરમાં આ પરિષદનું અધિવેશન ભુજમાં યોજાય તેના પ્રયાસો ઉપરોક્ત બંને સંસ્થાઓએ કર્યા અને સદ્‌ભાગ્યે પરિષદે તેને લીલી ઝંડી આપી છે. એટલે તા. ૨૫-૨૬-૨૭ ડિસે. ૨૦૧૫ના ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન ભુજ ખાતે યોજાશે.

આ પરિષદમાં આશરે ૯૦૦થી ૧૦૦૦ સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ કચ્છ તથા સમગ્ર ગુજરાતમાંથી હાજર રહેશે તેવી ધારણા છે. તેમનાં નિવાસ તથા ભોજન વગેરેની વ્યવસ્થા કરવાની રહેશે. તે તથા અન્ય ખર્ચ વિશે આયોજન કરતાં આશરે ૨૦ લાખનો ખર્ચ અંદાજિત કરવામાં આવ્યો છે. આ ખર્ચ મહાજનો તથા સાહિત્યપ્રેમીઓ અને નાગરિકોની સહાયથી એકઠો કરવાનું વિચાર્યું છે. આ બાબતને ઉષ્માભેર સહકાર મળશે તેવી આશા છે.

આ માટે આ રીતે દાન સ્વીકારવાનું નક્કી કર્યું છે :

| | |
|---|---|
| **સુવેનીયર પેજ શુભેચ્છક તરીકે (નીચે સ્ટ્રીપ)** | **રૂ. ૨૦૦૦/-** |
| **સુવેનીયરમાં મલ્ટીકલરપેજ જાહેરાત** | **રૂ. ૨૫,૦૦૦/-** |
| **સુવેનીયરમાં મલ્ટીકલર કવરપેજ-૨** | **રૂ. ૭૫,૦૦૦/-** |
| **સુવેનીયરમાં મલ્ટીકલર કવરપેજ-૩** | **રૂ. ૭૫,૦૦૦/-** |
| **સુવેનીયરમાં મલ્ટીકલર કવરપેજ-૪** | **રૂ. ૧,૨૫,૦૦૦/-** |

શુભેચ્છક સભ્ય તરીકે રૂ. ૫૦૦૦/- કે તેથી વધુ રકમ નોંધાવીને સહયોગ સ્વીકારાશે.

ભોજનદાતા તરીકે રૂ. ૧ લાખ નોંધાવી શકાશે. આખા દિવસના ભોજનદાતા તરીકે રૂ. ૩ લાખ નોંધાવી શકાશે.

સ્વાગત સભ્ય તરીકે રૂ. ૧ લાખ કે તેથી વધુનો સહયોગ આવકાર્ય છે.

પરિષદના સભ્યો માટે કીટના દાતા તરીકે રૂ. ૩ લાખ નોંધાવી શકાશે.

આમાંથી કોઈ પણ વિભાગમાં આપનું દાન આવકાર્ય રહેશે. ૮૦-જીનું પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા ચાલુ છે.

આપને અમારી વિનંતી છે કે આ સાહિત્ય યજ્ઞમાં આપ પણ સક્રિય સહયોગ બનો અને કચ્છની જનતાને જે એક અનન્ય લાભ મળી રહ્યો છે તેને પ્રોત્સાહન આપો.

આ માટે શ્રી રસનિધિ એ. અંતાણી (મોબાઈલ નં. ૯૮૨૫૭૩૦૩૧૫)નો સંપર્ક કરવા અને મદદરૂપ થવા વિનંતી છે.

□